# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-06-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

---

1) અમદાવાદ વિમાન દુર્ઘટના મામલે ગૃહ સચિવની અધ્યક્ષતામાં વિશેષ તપાસ સમિતિની રચના કરવામાં આવી.
2) DNA નમૂનાઓના આધારે અત્યાર સુધીમાં નવ મૃતકોની ઓળખ થઈ
3) મૃતકોના પાર્થિવ દેહને ઘર સુધી પહોંચાડવા માટે સરકારી તંત્ર દ્વારા નિઃશુલ્ક એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવામાં આવી
4) વિમાની દુર્ઘટના બાદ NDRF, CISF, અગ્નિશમન દળ સહિતની એજન્સીઓ બચાવ કામગીરીમાં જોડાઈ-આજે એક મૃતદેહ મળ્યો
5) NEET UG 2025નું પરિણામ જાહેર , રાજ્યના 2 વિદ્યાર્થીઓએ ટોપ-10માં સ્થાન પ્રાપ્ત કર્યું

---

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# NAYDU AHMEDABAD PLAN CRASH

નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામ મોહન નાયડુએ જણાવ્યું હતું કે નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયે ભારતીય વિમાન કાફલામાં 34 બોઇંગ 787 વિમાનોનું વિસ્તૃત નિરીક્ષણ કરવાનો આદેશ આપ્યો છે. આમાંથી આઠ વિમાનોનું તાત્કાલિક નિરીક્ષણ કરવામાં આવ્યું છે.

આજે નવી દિલ્હીમાં પત્રકારોને માહિતી આપતા શ્રી નાયડુએ જણાવ્યું હતું કે ઘટનાની તપાસ માટે વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોની એક ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરવામાં આવી રહી છે. ગૃહ સચિવ આ સમિતિના અધ્યક્ષ રહેશે.

શ્રી નાયડુએ જણાવ્યું હતું કે વિમાન દુર્ઘટના પછી તરત જ , વિમાન દુર્ઘટના તપાસ બ્યુરો સક્રિય કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે તપાસ બ્યુરોએ વિમાનનું બ્લેક બોક્સ શોધી કાઢ્યું છે. પીડિતોની ઓળખ કરવા અને તેમના મૃતદેહો પરિવારોને સોંપવા માટે ડીએનએ પરીક્ષણો કરવામાં આવી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . .

# DNA SAMPLE

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સમીક્ષા બેઠક યોજી હતી અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. મંત્રીએ મૃતદેહો જ્યાં રાખવામાં આવ્યા છે તે કોલ્ડ સ્ટોરેજ રૂમની પણ મુલાકાત લીધી હતી અને કામગીરીની સમીક્ષા કરી હતી. દરમિયાન , અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં DNA મેચિંગની પ્રક્રિયા ચાલી રહી છે. સિવિલ હોસ્પિટલના અધિકારીઓએ ડીએનએ નમૂનાઓના આધારે અત્યાર સુધીમાં નવ પીડિતોની ઓળખ કરી છે. નાયબ સિવિલ સુપ્રિટેન્ડેન્ટ રજનીશ પટેલે જણાવ્યું કે 8 ઇજાગ્રસ્ત હજુ પણ હોસ્પિટલમાં દાખલ છે.

(બાઇટ: રજનીશ પટેલ, નાયબ સિવિલ સુપ્રિટેન્ડેન્ટ)

દરમિયાન, બીજે મેડિકલ કોલેજના સત્તાધીશોએ દુર્ઘટના સ્થળની નજીક આવેલી હોસ્ટેલો ખાલી કરાવવાનો નિર્ણય લીધો છે. આ અંગે કોલેજના વડા ડૉ. મીનાક્ષી પરીખે વધુ માહિતી આપી.

(બાઇટ: ડૉ. મીનાક્ષી પરીખ, ડીન )

. . . . . . . . . . . . .

# HARSH SANGHAVI FSL

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે અમદાવાદ વિમાન દુર્ઘટના સ્થળની મુલાકાત લીધી હતી. આ અગાઉ ગાંધીનગરમાં ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા FSL અને રાષ્ટ્રીય ન્યાયસહાયક વિજ્ઞાન વિશ્વવિદ્યાલયની પણ મુલાકાત લીધી હતી. તેમણે DNA પરીક્ષણની કામગીરીની સમીક્ષા કરી હતી. દરમિયાન તેમણે FSL ખાતે ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી. જેમાં ગૃહ સચિવ , ઇન્ટેલિજન્સ બ્યૂરોના IGP, અને FSLના નિદેશક પણ ઉપસ્થિત રહ્યા. શ્રી સંઘવીએ જણાવ્યું કે FSLની ટીમ 24 કલાક કામ કરી રહી છે. તેમણે ઉમેર્યું કે રાજ્યના 36 સહિત ભારતના અનેક ફોરેન્સિક નિષ્ણાંત આ કામગીરીમાં જોડાયા છે.

દરમિયાન ગાંધીનગરના ન્યાય સહાયક વિજ્ઞાનના નિદેશાલયના નિયામક એચપી સંઘવીના જણાવ્યા અનુસાર , દુર્ઘટનાથી વધેલા તાપમાનને કારણે પ્રક્રિયા જટિલ બની છે, પરંતુ ઝડપી અને સચોટ ઓળખ સુનિશ્ચિત કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

. . . . . . . . . . . . .

# MALLIKARJUN VISIT

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સહિતના નેતાઓએ આજે અમદાવાદ સિવિલમાં ઈજાગ્રસ્તોની મુલાકાત કરી ખબર અંતર પૂછ્યા હતા. ત્યારબાદ પ્રેસ કોન્ફરન્સ યોજીને શ્રી ખડગેએ કહ્યું કે , બ્લેક બોક્સ મળ્યું છે તેમાંથી સત્ય બહાર આવશે. અત્યારે કોઈના પર આરોપ મૂકવો યોગ્ય નથી.

. . . . . . . . . . . . .

# FREE AMBULANCE SERVICE

અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોના પાર્થિવ દેહની સોંપણી અંગેની મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. પાર્થિવ દેહને ઘર સુધી બાય રોડ પહોંચાડવા માટે સરકારી તંત્ર દ્વારા નિઃશુલ્ક એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવામાં આવી છે. સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડોક્ટર રાકેશ જોષીએ જણાવ્યું કે મૃતદેહ સ્વીકારવા આવતા સ્વજનોએ પોતાની અને મૃતકની ઓળખ માટેના દસ્તાવેજો સાથે લાવવા જરૂરી છે.

(બાઇટ: ડૉ. રાકેશ જોષી, સુપરિન્ટેન્ડેન્ટ)

જે પરિજનો પાર્થિવ દેહને અન્ય રાજ્ય કે દેશમાં હવાઈ માર્ગે લઈ જવા માગતા હોય, તેમને એર ઇન્ડિયા દ્વારા સંપૂર્ણ મદદ કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# TRAIN

ગાંધીધામ - જોધપુર એક્સપ્રેસમાં આજથી વધારાના 6 કોચ ઉમેરવામાં આવ્યા છે. મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને રેલવે પ્રશાસન દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો . તો મુસાફરોને ટ્રેનના સમય અને અન્ય વિગતો માટે રેલવે વિભાગની વેબ સાઇટ WWW.ENQUIRY.INDIANRAIL.GOV.IN ની મુલાકાત લેવા અનુરોધ કરાયો છે.

. . . . . . . . . . . . .

# RESCUE OPERATION

અમદાવાદ વિમાની દુર્ઘટના બાદ NDRF, CISF, અગ્નિશમન દળ સહિતની એજન્સીઓ બચાવ કામગીરીમાં જોડાઈ છે . જેમાં કાટમાળ દૂર કરવાની તેમજ મૃતદેહોની શોધખોળ કરવામાં આવી રહી છે. ત્યારે આજે વધુ એક મૃતદેહ મળી આવ્યો છે. અગ્નિશમન દળ અને NDRFની ટીમ દ્વારા અતુલ્યમ હોસ્ટેલના પાછળના ભાગમાં ફસાયેલો વિમાનનો ભાગ કાપી અને યુવતીનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો છે. આ અંગે ચીફ ફાયર ઓફિસર અમિત ડોંગરેએ જણાવ્યું કે NDRF, CISF સહિતની ટીમોની મદદથી 30 લોકોના જીવ બચાવ્યા છે.

(બાઇટ: અમિત ડોંગરે, ચીફ ફાયર ઓફિસર)

દરમિયાન, બીજે મેડિકલ કોલેજના મૂળ વલસાડ જિલ્લાના 10 જેટલા વિદ્યાર્થીઓ આજે માદરે વતન આવી પહોંચ્યા હતા. જેમાં પાટલી તાલુકાના રોહિણા ગામના યશ પટેલ સહિત જિલ્લાના 10 જેટલા વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. ઘટના બની ત્યારે આ વિદ્યાર્થીઓ 25 મિનિટ પહેલા જ મેસમાંથી બહાર નીકળ્યા હતા અને તેમનાથી 300 મીટરના અંતરે આ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું.

. . . . . . . . . . . . .

# RUPANI FUNERAL

DNAની કામગીરી પૂર્ણ થયા બાદ પૂર્વ મુખ્યમંત્રી સ્વ.વિજય રૂપાણીના પાર્થિવદેહને રાજકોટ લઈ જવામાં આવશે. રાજકોટમાં સ્વ.વિજય રૂપાણીની અંતિમ ક્રિયાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. સ્થાનિક તેમજ સૌરાષ્ટ્રના ભાજપના નેતાઓ પૂર્વ મુખ્યમંત્રી રૂપાણીના પારસ સોસાયટી સ્થિત નિવાસસ્થાને એકઠા થઈ રહ્યા છે. શહેરમાં રેસકોર્સ ખાતે રમેશ પારેખ રંગ ભવન ખાતે તેમની વિશાળ પ્રાર્થના સભા યોજાશે.

આજે સ્વ. વિજય રૂપાણીના નિધનને અંજલી આપવાના ભાગરૂપે રાજકોટ શહેરની શાળામાં શિક્ષણ કાર્ય બંધ રખાયું જ્યારે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા અડધો દિવસ બંધ પાડવામાં આવ્યો હતો રાજકોટની સોની બજારે પણ અડધો દિવસ બંધ પાડીને દિવંગતને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

. . . . . . . . . . . . .

# DEATH TOLL RISE

અમદાવાદમાં થયેલા વિનાશક એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનામાં અંદાજે 250 જેટલા લોકોના મોત થયા છે. વિમાનમાં કુલ 242 લોકો સવાર હતા , જેમાં 169 ભારતીય, 53 બ્રિટિશ, સાત પોર્ટુગીઝ અને એક કેનેડિયન નાગરિક સહિત 12 ક્રૂ સભ્યો હતા. માત્ર એકનો વ્યક્તિનો બચાવ થયો હતો જે ભારતીય મૂળનો બ્રિટિશ નાગરિક છે.

વિમાન દુર્ઘટનાનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસ ચાલી રહી છે. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરોની એક ટીમે ઘટના સ્થળ પરથી વિમાનનું બ્લેક બોક્સ - જે ઔપચારિક રીતે ફ્લાઇટ ડેટા રેકોર્ડર તરીકે ઓળખાય છે - શોધી કાઢ્યું છે. ફોરેન્સિક નિષ્ણાતોએ પણ વિગતવાર તપાસ શરૂ કરી છે.

. . . . . . . . . . . . .

# SHRDHANJALI - PLANE CRASH

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં અનેક લોકો મૃત્યુ પામ્યા છે. ત્યારે સમગ્ર રાજ્યમાં શોકની લાગણી પ્રસરી રહી છે.આ ઘટનાને લઈ ટંકરાના પડધરીના ધારાસભ્ય દુર્લભજી દેથરિયાએ પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગસ્થ વિજય રૂપાણી સહિત તમામ મૃતકોને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

તો પ્રથમ જોતિર્લિંગ સોમનાથ મહાદેવના ચરણોમાં દિવંગતોની આત્માની શાંતિ માટે મહામૃત્યુંજય મંત્ર જાપ સહિત શાંતિપાઠ અને પૂજા અર્ચના કરવામાં આવ્યા હતા.

તો બીજી તરફ ઇડરની પ્રયાગ કોલેજ ખાતે વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલ મૃતકો ઉપરાંત ત્યા વસવાટ કરતાં ઘણા પશુ પક્ષીઓનો પણ ભોગ લેવાયો છે તે તમામને  વૃક્ષારોપણ થકી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

ઉપરાંત ભાવનગરની નંદ કુંવરબા મહિલા કોલેજના   રાષ્ટ્રીય સેવા યોજના અને એન.સી.સી. એર વિંગની વિધ્યાર્થીનીઓ  દ્વારા મૃતકોની આત્માની શાંતિ માટે મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# NEET UG RESULT

રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા- NTA એ આજે મેડિકલમાં પ્રવેશ માટેની NEET UG 2025નું પરિણામ જાહેર કર્યું છે. ગુજરાતનાં **2 વિદ્યાર્થી, જેનીલ ભાયાણીએ છઠ્ઠો અને અમદાવાદના ભવ્ય ઝાએ આઠમો ક્રમ મેળવી ટોપ 10માં સ્થાન પ્રાપ્ત કર્યું છે. સુરત પી.પી.સવાણી શાળાના વિદ્યાર્થી જેનિલ ભાયાણી ગુજરાતમાં પ્રથમ ક્રમાંકે રહ્યા છે. તેમણે પોતાની પ્રતિક્રિયા આપતા આ મુજવ જણાવ્યું.**

(બાઇટ: જેનિલ ભાયાણી, વિદ્યાર્થી )

આ વર્ષે દેશભરમાંથી 20 લાખ 80 હજારથી વધુ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી, જે MBBS, BDS, BAMS, BSMS, BUMS અને BHMS જેવા તબીબી સ્નાતક અભ્યાસમાં પ્રવેશ માટે લેવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# WORLD BLOOD DONOR'S DAY

આજે સમગ્ર વિશ્વમાં વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝે આ નિમિતે પહેલી થી 15 જૂન દરમિયાન મેઘા રકતદાન શિબિરનું આયોજન કર્યું છે.રાજ્યભરમાં અનેક સ્થળોએ યોજાયેલી આ શિબિરમાં અત્યાર સુધી એક હજાર 400થી વધુ યુનિટ રકતદાન કરવામાં આવ્યું છે.

ત્યારે પંચમહાલમાં ગોધરા કોમર્સ કોલેજના NSSના વિધ્યાર્થીઓએ રકતદાન કેમ્પનું આયોજન કર્યું હતું. ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગોધરા ખાતે યોજાયેલ આ રકતદાન કેમ્પમાં શહેરના હોતચંદ ધમવાણીએ 151મી વખત રકતદાન કરી એક અનોખો કીર્તિમાન સ્થાપ્યો છે.

સાથે જ અમારાં છોટા ઉદેપુર જિલ્લાના પ્રતિનીધી રાજેશ રાઠવા જણાવે છે કે, જેતપુર પાવી તાલુકાના ડુંગરવાંટ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો.

. . . . . . . . . . . . .